# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

**કવટ શાખા, બ્લોકનં. ૧૨/૨ ,બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,**

**ગાંધીનગર, ગુજરાત રાજ્ય**

**બિન-સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક ભરતી (ફક્ત દિવ્યાંગ માટે) ૨૦૨૫ (બીજો પ્રયત્ન)**

## ઈન્ટરવ્યુ પ્રક્રિયા સંદર્ભે ઉમેદવાર અંગેની માર્ગદર્શિકા

1. ઈન્ટરવ્યુ ગાંધીનગરના નિયત કરવામાં આવેલ કેન્દ્ર પર યોજવામાં આવશે.
2. સામાન્ય સંજોગોમાં સોમવાર થી શનિવાર સુધી વિવિધ વિષયના ઈન્ટરવ્યુ યોજાશે. ઈન્ટરવ્યુ માટેના કોલલેટર બે દિવસ અગાઉ જનરેટ કરવામાં આવશે. દરેક ઈન્ટરવ્યુ દીઠ નવો કોલલેટર જનરેટ થશે, જેની જાણ સામાન્ય સંજોગોમાં લાગુ પડતા ઉમેદવારોને ઈમેલ અને એસ.એમ.એસ. દ્વારા કરવામાં આવશે. તેમ છતાં દરરોજ ઉમેદવારે પોતાના લૉગ-ઇનમાં કોલ લેટર જનરેટ થયેલ છે કે કેમ તેની ખાતરી કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે. સાથે ભરતીની વેબસાઇટ જોતા રહેવું.
3. ઉમેદવારે ઈન્ટરવ્યુમાં સ્વખર્ચે હાજર થવાનું રહેશે, તે માટે કોઈ T.A./D.A. ચૂકવવામાં આવશે નહીં.
4. ઉમેદવાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1019/CHE-768/ખ, તા. 23-12-2019ના મુદ્દાનં. 4 ના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થશે.
5. ઉમેદવારને પોતાના વિષય અને PH કેટેગરી મુજબ ખાલી જગ્યા ધરાવતી તમામ કોલેજોની કોલેજ પસંદગીના ફાઇનલ રાઉન્ડમાં આપેલ પસંદગી મુજબની તબક્કાવાર યાદી પોતાના લોગ-ઈનમાં જોવા મળશે. ઉમેદવારે કોલેજ પસંદગીના ફાઇનલ રાઉન્ડમાં જેટલી કોલેજોની પસંદગી કરી હશે તેટલી જ કોલેજમાં ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થવાને પાત્ર થશે.
6. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. 23-12-2019ના ઠરાવ ક્રમાંકએનજીસી/1019/CHE-768/ખ, મુદ્દાનં. 4ના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થનાર ઉમેદવારે ઈન્ટરવ્યુ માટેના કોલલેટર www.rascheguj.in પર પોતાના લોગ-ઈનમાંથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે. દરેક ઈન્ટરવ્યુ માટે નવો કોલ લેટર ડાઉનલોડ કરી ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત થવાનું રહેશે. કોલ-લેટર વિના ઉમેદવાર ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે નહીં.
7. ઉમેદવારે ઈન્ટરવ્યુ સ્થળે પોતાના ઓળખના પુરાવા સાથે તમામ અસલ પ્રમાણપત્રો અને તેની ઝેરોક્ષ નકલનો એક સેટ સાથે રાખવાનો રહેશે.
8. ઈન્ટરવ્યુ કેન્દ્ર પર નિયત તારીખે અને નિયત રિપોર્ટીંગ સમયે પહોંચવું ફરજિયાત છે. એકવાર ઈન્ટરવ્યુ શરૂ થઈ ગયા બાદ કોઈ પણ ઉમેદવારને ઈન્ટરવ્યુ કેન્દ્ર પર પ્રવેશ આપવામાં આવશે

નહીં. આથી દરેક ઉમેદવારે ઈન્ટરવ્યુ કેન્દ્ર પર રિપોર્ટિંગ સમયે હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

9. ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવેલ ઉમેદવારો પૈકી લઘુતમ 01 ઉમેદવાર હાજર રહેશે તો પણ ઉમેદવારનું ઈન્ટરવ્યુ માટેનું કોરમ પૂરું થયેલ ગણાશે.

10. ઈન્ટરવ્યુ બાદ જે ઉમેદવારની પસંદગી થાય તે ઉમેદવારે જે તે કોલેજમાં પસંદગી અંગેનું સ્વીકાર/અસ્વીકાર બાબતનું બાંહેધરી પત્રક આપવાનું રહેશે. એક કોલેજમાં પસંદગી અંગેનું બાંહેધરી પત્રક આપ્યા બાદ ઉમેદવારનું નામ આપોઆપ અન્ય કોલેજોની મેરિટ યાદીમાંથી કમી થઈ જશે. પસંદગી પામેલ ઉમેદવાર દ્વારા બાંહેધરીપત્રકમાં હાજર થવાની સહમતિ આપવામાં આવ્યેથી પ્રતીક્ષા યાદી પર આવનાર ઉમેદવારનો જે તે જગ્યા માટે કોઈ હકદાવો રહેશે નહીં.

11. તબક્કાવાર જે તે વિષયમાં જગ્યા માટે લાયક બાકી રહેલ તમામ ઉમેદવારોમાંથી સર્વોચ્ચ મેરીટ ગુણ ધરાવતા ઉમેદવાર દ્વારા પસંદગી ક્રમ અપાયેલ કોલેજોમાંથી તે વિકલાંગતાની કેટેગરીમાં એન.ઓ.સી. ધરાવતી ખાલી જગ્યાઓમાંથી બાકી રહેલ જગ્યાઓમાંથી પ્રથમ પસંદગીની કોલેજને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.

12. જો કોઈ કોલેજમાં કોઈ ઉમેદવાર પસંદગી પામે અને સ્વીકાર કરે તો ભરતીપાત્ર જગ્યાઓની યાદીમાંથી તે વિકલાંગતાની  જગ્યા માટે તે ઉમેદવારની તે વિષયમાં અન્ય તમામ કોલેજોમાં આપેલ પસંદગી ક્રમની કમી કરવામાં આવશે.

13. આ કોલેજમાં જે તે વિષયની ખાલી વિકલાંગતાની  કેટેગરી મુજબ NOC આધારિત જગ્યાઓ માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. 23/12/2019 ના ઠરાવના મુદ્દા 4 પ્રમાણે 1 જગ્યા માટે 6, 2 જગ્યા માટે 8, 3 જગ્યા માટે 10 અને ત્યારબાદ વધારાની દરેક જગ્યા માટે જગ્યાના 3 ગણાં પ્રમાણે જે તે કોલેજ માટે પસંદગીક્રમ આપનાર ઉમેદવારો મેરીટ મુજબ ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. સમાન મેરીટ ધરાવતા ઉમેદવારોને જે તે કોલેજની મેરીટ યાદીમાં સમાન અગ્રીમતા આપવામાં આવશે.

14. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. 23/12/2019 ના ઠરાવના મુદ્દા 4 પ્રમાણે ઇન્ટરવ્યૂ સમિતિના દરેક સભ્ય ઇન્ટરવ્યૂ માટે ઉમેદવારને 5માંથી ગુણ આપશે, જેની એવરેજ જે તે ઉમેદવારના ઇન્ટરવ્યૂના ગુણ ગણાશે. સર્વોચ્ચ ઇન્ટરવ્યૂના ગુણ ધરાવનાર ઉમેદવાર પસંદગીને લાયક ઠરશે. ઇન્ટરવ્યૂમાં જે ઉમેદવારના એવરેજ ગુણ બીજા ક્રમે હશે તે વેઇટિંગ લિસ્ટમાં રહેશે. જો જે તે કોલેજ પસંદગી પામેલ ઉમેદવારની સર્વોચ્ચ પસંદગીક્રમની કોલેજ ન હોય તો ઉમેદવાર ઇન્ટરવ્યૂમાં થયેલ પસંદગીને અસ્વીકૃત કરી શકશે.

15. જો ઇન્ટરવ્યૂમાં પ્રથમ ક્રમે આવેલ ઉમેદવાર પસંદગીનો અસ્વીકાર કરે તો વેઇટિંગ લિસ્ટમાં રહેલ ઉમેદવારને જે તે કોલેજ માટે તક મળશે.

16. જો જે તે કોલેજ પસંદગી પામેલ ઉમેદવારની તે વિકલાંગતાની કેટેગરીમાં સર્વોચ્ચ પસંદગીક્રમની કોલેજ હોય તો ઉમેદવાર ઇન્ટરવ્યૂમાં થયેલ પસંદગીને અસ્વીકૃત કરી શકશે નહીં અન્યથા તેને પ્રથમ રાઉન્ડની આગળની ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે.

ઉદાહરણ:

| ઉમેદવાર 1 નો પસંદગી ક્રમ | ઉમેદવાર 2 નો પસંદગી ક્રમ | ઉમેદવાર 3 નો પસંદગી ક્રમ |
|---|---|---|
| કોલેજ ABC | કોલેજ PQR | કોલેજ ABC |
| કોલેજ MNO | કોલેજ XYZ | કોલેજ XYZ |
| કોલેજ PQR | કોલેજ ABC | કોલેજ MNO |

| ઉમેદવાર | મેરિટ માર્કસ |
|---|---|
| ઉમેદવાર 1 | ૯૧ |
| ઉમેદવાર 2, 3, 4, 5, 6 | ૮૩ |
| ઉમેદવાર 7, 8, 9, 10 | ૭૭ |

17. ઉમેદવાર 1 નું મેરીટ સૌથી વધુ હોવાથી ઇન્ટરવ્યૂ માટે સૌપ્રથમ કોલેજ ABC ને બોલાવવામાં આવશે.

18. જો ઉમેદવાર 1 કે 3 પોતાની પ્રથમ પસંદગીની કોલેજ ABC ના ઇન્ટરવ્યૂમાં ગેરહાજર રહે કે પસંદગી પામ્યા બાદ તેનો અસ્વીકાર કરે તો જે તે ઉમેદવાર બાકીની ભરતી પ્રક્રિયામાંથી બાકાત રહેશે.

19. જો કોલેજ ABCમાં જે તે કેટેગરીની ૧ ખાલી જગ્યા હોય તો 1 થી 6, ૨ ખાલી જગ્યા હોય તો 1 થી 8 અને 3 ખાલી જગ્યાઓ હોય તો 1 થી 10 ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.

20. જો ઇન્ટરવ્યૂમાં ઉમેદવાર 2 ને ૪.૫ સરેરાશ ગુણ, ઉમેદવાર 3 ને ૪ સરેરાશ ગુણ અને ઉમેદવાર 1 ને ૩.૫ સરેરાશ ગુણ મળે તો ઉમેદવાર 2 પસંદગી પામશે, અને ઉમેદવાર 3 વેઇટિંગ લિસ્ટમાં રહેશે. કારણકે ઉમેદવાર 1 પસંદગી પામેલ નથી ત્યાર પછીના ઇન્ટરવ્યૂ માટે બાકી રહેલ કોલેજોમાંથી પ્રથમ ક્રમનો મેરિટ ધરાવતાં ઉમેદવારની પ્રથમ ક્રમની પસંદગીની કોલેજને બોલાવવામાં આવશે. આમ ક્રમાનુસાર કોલેજનો ઇન્ટરવ્યૂ ક્રમ ચાલુ રહેશે.

21. જો ઉમેદવાર 2 પસંદગીનો અસ્વીકાર કરે તો વેઇટિંગ લિસ્ટમાં રહેલ ઉમેદવાર 3 ને પસંદગીની તક મળશે.

22. જો કોઇ ઉમેદવાર પસંદગીનો સ્વીકાર કરે તો ભરવાપાત્ર ખાલી જગ્યાઓની યાદીમાંથી જે તે કેટગરીની ૧ ખાલી જગ્યા તેમજ તમામ કોલેજોમાંથી જે તે ઉમેદવાર નો પસંદગીક્રમ દૂર કરવામાં આવશે.

**********